**એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ શ્રી એસ.આઇ.પટેલ સાહેબશ્રીનાઓની કોર્ટમાં,ઉમરગામ**

**ફોજદારી કેસ નંબર:-૭૫૩/૨૦૨૬**
**આંક:-૬**

| | |
|---|---|
| **ફરીયાદી:-** | **નામદાર સરકારશ્રી** |
| **-:: વિરૂધ્ધ ::-** | |
| **આરોપી :-** | **કૈલાશ ભગવાનભાઈ ભંડારી**<br>રહે. નારગોલ ૦૧ શિવ મંદિર પાસે તા. ઉમરગામ જિ. વલસાડ<br>. |

**ગુન્હો:- ભારતીય ન્યાય સંહિતાની કલમ -૨૮૫ મુજબ...**

**-:: ઠરાવ ::-**

**(૧)** આ કામના આરોપી વિરૂધ્ધ ગુન્હાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ચાર્જશીટમાં જણાવ્યા મુજબની તારીખે, સમયે અને સ્થળે પોતાના કબ્જાનું વાહન સરેઆમ રોડ ઉપર ભયજનક રીતે આવતા જતા વાહનોને અડચણ થાય તે રીતે તથા પોતાના વાહનની આગળ પાછળ કોઈપણ જાતના સિગ્નલ લાઈટ ચાલુ નહીં રાખી તેમજ વાહન ઉભુ રાખવા બાબતે કોઈ સાઈન કે નિશાની લગાવ્યા વગર ભય ઉભો કરે તે રીતે પાર્ક કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ નોંધાવેલ, જે અનુસંધાને ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપી અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં વિનામુલ્ય ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.

આરોપીની પ્લી રેકર્ડ કરતાં, આરોપી ધ્વારા પોતાની સામેના ગુન્હાનો સ્વેચ્છીક રીતે સ્વીકાર કરેલ છે. તેમજ અલાયદા કબુલાત પુરશીશ રજુ કરી સ્પષ્ટપણે ગુન્હાની કબુલાત કરેલ છે. આરોપીએ ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરવા ખાતરી આપેલ છે. તેમજ આર્થિક સ્થિતીને ધ્યાને લઈ ગરીબવર્ગના માણ હોય દયા કરવા અરજ કરેલ છે.

**(૩)** નામદાર ગુજરાત હાઈકોર્ટના **ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ નટવરસીંહ હીરચંદજી ઠાકોર,૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯**, ના ચુકાદામાં

ઠરાવેલ લીગલ રેશીયોને ધ્યાને લીધો તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા વિવિધ ચુકાદાઓમાં ઠરાવેલ છે કે,કેસના સંજોગો, ગુન્હાની ગંભીરતા, પ્રમાણ તથા આરોપીની સ્થિતીને ધ્યાને લેતાં યોગ્ય કારણો હોય તો કાયદામાં પ્રવર્તમાન સજા કરતા ઓછી સજા કે ઓછો દંડ અદાલત કરી શકે છે.

કાયદાનો હેતુ માત્ર અને માત્ર ડીટેરેન્ટ નથી, પરંતુ સુધારાત્મક પણ છે જેથી આરોપીને સુધરવાની તક મળે તેમજ આરોપીની આર્થિક સ્થિતિ, સજાની જોગવાઇ વિગેરે સંજોગોને ધ્યાને લેતાં, આરોપીને નિયત સજા કરતાં ઓછી સજા કે ઓછો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું અત્રેની અદાલતને માનવું હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>આખરી હુકમ</u> ::-**

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ-૨૭૫ અન્વયે, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૫ અન્વયેના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી **રૂપીયા ૩૦૦/-** (અંકે રૂપીયા ત્રણસો પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો, આરોપીને દિન-૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૪મી માહે માર્ચ ૨૦૨૬ નારોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Place :- UMBERGAON
Date :- 14/03/2026

(S .I. PATEL)
Additional Chief Judicial Magistrate.
Code No. GJ01096

ફોજ. દડ રૂા. 300/-
અંકે રૂપિયા ત્રણસો પુરા
ફોજ. દંડ રસીદ નં. 173
થી જમા લીધા.

તા. ૧૪/૩/૨૬
નાઝર
ઉમરગામ
પ્રિ.સિની સી કો